Done

નવગુજરાત સમય

14/04/23, Page No - 04

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ને 'કેટેગરી-1' યુનિવર્સિટી - ગ્રેડેડ ઓટોનોમીનો દરજ્જો

**નવગુજરાત સમય** > અમદાવાદ

દેશની યુનિવર્સિટીઓને તેની ગુણવત્તાનો આધારે સ્વાયતતા પ્રદાન કરવા માટે યુ.જી. સી. દ્વારા ગ્રેડેશન નક્કી કરવા માટેની ચોક્કસ નીતિઓનાં આધારે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને 'કેટેગરી-1' યુનિવર્સિટી - ગ્રેડડ ઓટોનોમીનો દરજ્જો અપાયો છે. ઉલ્લેખનીય છે કે 'કેટેગરી-1' યુનિવર્સિટી તરીકેનો દરરજ્જો પ્રાપ્ત કરનારી સમગ્ર દેશની એકમાત્ર ઓપન યુનિવર્સિટી બનવાની સાથે ગુજરાતની પણ પ્રથમ યુનિવર્સિટી હોવાનું બહુમાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને ફાળે જાય છે.




"કેટેગરી-1" શ્રેણી પ્રાપ્ત થવાથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને વિદ્યાકીય સ્વાયતતા મળશે જેના આધારે નવાં અભ્યાસક્રમ સંરચના, નવાં વિભાગો, સંશોધન - અધ્યયન કેન્દ્ર વિસ્તાર, વિદેશી ફેકલ્ટીની નિમણૂક અને વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતની અનેકવિધ શક્યતાઓના દ્વાર ખુલશે. વિદ્યાવિસ્તારની પ્રોત્સાહક યોજનાઓ તથા સર્વાંગી શૈક્ષણિક વિકાસ માટે સ્વતંત્ર રીતે નિર્ણય લેવાની યુનિવર્સિટીને મોકળાશ મળશે.

વિશ્વની પ્રથમ પંક્તિની 500 યુનિવર્સિટી સાથે તંદુરસ્ત સ્પર્ધામાં જોડતી આ ઉપલબ્ધિ બદલ રાજ્યનાં વિદ્યાજગત તરફથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને સાર્વત્રિક અભિનંદન મળી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે નેક એક્રેડિટેશનમાં એ ડબલ પ્લસ (A++) જેવો ઊંચો ક્રમાંક પ્રાપ્ત કરવાની તાજેતરની સિદ્ધિ બાદ યુ.જી.સી. દ્વારા 'કેટેગરી-1' યુનિવર્સિટી તરીકે દરરજ્જો પ્રાપ્ત કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ વિશેષ સિદ્ધિ મેળવી છે.